| | | | |
|---|---|---|---|
| રજુકર્યા તારીખ: | ૨૬–૦૯–૨૦૨૩ | | |
| દાખલ તારીખ: | ૨૬–૦૯–૨૦૨૩ | | |
| ફેસલ તારીખ: | ૨૭–૦૪–૨૦૨૬ | | |
| સમયમર્યાદા: | વરસ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૭ | ૦૧ |

**જામનગરના સ્પેશ્યલ જજ તેમજ ચોથા સેશન્સ જજશ્રીની અદાલત સમક્ષ**

**સ્પેશયલ ઈલેકટ્રીકસીટી કેસ નં. ૨૮૧/૨૦૨૩**
**આંક: –૫૭**

ફરીયાદી: શ્રી ગુજરાત સરકાર,

**(જામનગર જીયુવીએનએલ પો.સ્ટે. સેકન્ડ ગુ. રજી નં. ૨૦૬૮/૨૦૨૩)**

**વિરૂધ્ધ**

આરોપી: સાજીદભાઇ હારૂનભાઇ મલેક ઉવ. ૪૦
ધંધો: ખેતી, રે. નાળા પાંચ દેવડા ગામ,
તા. કાલાવડ જી. જામનગર.

ગુન્હો: ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ

..............................................................

સરકાર તરફે : વિ. એ.ડી.પી.શ્રી આર.કે.વશીયર
આરોપી તરફે: વિ.વ.શ્રી સી.કે.ભટ્ટ

..............................................................

**– :: ચુકાદો::–**

(૧) ફરીયાદ પક્ષની ટુંકમા હકીકત એવી છે કે, ગઈ તા. ૦૨/૦૬/૨૩ ના રોજ કલાક ૭:૦૦ વાગ્યે નાના પાંચ દેવડા ગામ, તા. કાલાવડ, જિ. જામનગરમાં આરોપી પીજીવીસીએલ કંપનીના ગ્રાહક ન હોય કંપનીની હળવા દબાણની વીજલાઇન બીન અધિકૃત રીતે વીજ વાયર જોડી ઘરમા લઇ, વીજ

વપરાશ કરી, રૂા. ૩,૦૪,૬૩૯.૨૮ પૈસાની વીજચોરી કરી પકડાઇ ગયેલ હોય,તેઓ સામે ઇલકેટ્રીક સીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનો ગુનો દાખલ કરવામા આવેલો હતો. જે ગુનો જામનગર જી.યુ.વી.એન.એલ. ગુના રજી નં સેકન્ડ ૨૦૬૮/૨૦૨૩ થી નોંધવામા આવેલ હતો.

(૨) સદર ગુનો નોંધાતા તપાસ કરનાર અધિકારી દવારા સદર ગુનાની તપાસ કરવામાં આવેલી અને તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા સક્ષમ અદાલત સમક્ષ નં.૩૧૪/૨૦૨૩ થી ચાર્ઝશીટ રજુ કરવામા આવેલ હોય, સદર ચાર્ઝશીટને ફોજદારી કેસ નં. ૧૬૬૪/૨૦૨૩ મેજીસ્ટેટ કોર્ટ દવારા આપવામાં આવેલ.

(૩) હાલના ગુન્હો કાયદા અન્વયે સ્પેશ્યલ કોર્ટને ચલાવવાની હકુમત હોય જેથી વિધ્વાન વિધ્વાન પ્રિન્સીપાલ જયુડીશ્લ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ, કાલાવડ દ્ધારા સદર કેસ અત્રેની સ્પેશ્યલ કોર્ટ ને તા. ૨૬/૦૯/૨૦૨૩ ના હુકમથી ટ્રાન્સમીટ કરવામા આવેલ હતો અને ત્યારબાદ સદર કેસ અત્રેની અદાલત સમક્ષ સ્પેશ્યલ ઈલેક કેસ નં ૨૮૧/૨૦૨૩ થી નોંધવામા આવેલ.

(૪) આરોપી સામે અત્રેની સ્પેશયલ અદાલત દવારા આંક–૦૮ થી ત્હોમતનામુ ફરમાવવા આવેલ છે અને આંક–૦૯ થી પ્લી નોંધતા તેમા આરોપી દવારા તેઓને ગુનો કબુલ નથી તે મુજબની રજુઆત કરતા, આરોપી સામેનો કેસ આ અદાલત દવારા આગળ ચલાવવામા આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષ દવારા રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**<u>મૌખિક પુરાવા:</u>**

| ક્મ નંબર | વિગત | સાહેદનુ નામ | આંક |
|---|---|---|---|
| ૧. | પંચ સાહેદ | સંદીપભાઇ ધીરુભાઇ | ૧૬ |
| ૨. | પંચ સાહેદ | બાબુભાઇ હંસરાજભાઇ | ૧૮ |

| | | | |
|---|---|---|---|
| ૩. | નાયબ ઈજનેર | દીપલભાઇ રમણીકભાઇ | ૧૯ |
| ૪. | લાઇનમેન | નિર્મળસિંહ વનરાજસ્હિ | ૨૩ |
| ૫. | આસી.લાઇનમેન | અશોકદાન ઈશ્વરદાન | ૨૬ |
| ૬. | સાહેદ | સદામ ભીખુભાઇ | ૨૭ |
| ૭. | આઇ.ઓ. | મધુબાળા કેશવગર | ૩૦ |
| ૮. | નાયબ ઈજનેર | દિલીપભાઇ હરસુખભાઇ | ૪૧ |

**<u>દસ્તાવેજી પુરાવા:</u>**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સ્થાનિક જગ્યાનુ પંચનામુ | ૧૭ |
| ૨. | ચેકીંગશીટ, સ્થળરોજકામ તથા એનેક્ષર-૪ | ૨૦ થી ૨૨ |
| ૩. | આધાર કાર્ડ, ચુંટણીકાર્ડ, રેશનકાર્ડ, તથા મિલકતવેરા પહોંચની નકલ | ૩૧ થી૩૪ |
| ૪. | એફ.આઇ.આર. તથા તપાસ ડેપ્યુટનો હુકમ | ૩૫,૩૬ |
| ૫. | મુદામાલ કોર્ટમાં રજુ કરવા નાયબઈજનેરને લખેલપત્ર | ૩૭ |
| ૬. | સી.આર.પી.સી. કલમ ૪૧(ક) ૧ મુજબની નોટીસ | ૩૮ |
| ૭. | લેખિત ફરીયાદ | ૪૨ |
| ૮. | કેલ્કયુલેશન શીટ | ૪૩ |
| ૯. | વીજચોરીનુ અસલ બીલ | ૪૪ |
| ૧૦. | વીજચોરીના બીલનો ફોરવર્ડીંગ લેટર | ૪૫ |
| ૧૧. | ડેલીગેશન ઓફ પાવર સરકયુલર | ૪૬ |
| ૧૨. | ફોટોગ્રાફીનુ પ્રમાણપત્ર | ૪૭ |
| ૧૩. | અસલ ક્રેડિટ ગેટ પાસ | ૪૮ |
| ૧૪ | કલોઝીંગ પુરસીસ | ૪૯ |

(૬) ત્યારબાદ આરોપીનુ વિશેષ નિવેદન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે નોંધવામાં આવેલુ. જેમા તેઓએ રજુઆત કરેલ છે કે,

"અમો નિર્દોષ છીએ કોઇ વીજચોરી કરેલ નથી, અમારા વિરુધ્ધ ખોટી ફરીયાદ તથા ખોટુ ચાર્ઝશીટ કરી, ખોટો કેસ કરેલ છે, આથી આ કામમાં અમોને નિર્દોષ છોડી મુકવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે." તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર જુબાની આપવી નથી તેવુ જણાવેલ છે. ત્યારબાદ આ કામે પક્ષકારના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા.

(૭) આ કામે વિ. એ.પી.પી.શ્રી આર.કે.વશીયર દવારા મૌખિક દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાઓ સંબધે પુરાવો રજુ કરી પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી સી.કે.ભટ્ટ દવારા દલીલ કરતા જણાવે છે કે ઉપરોકત દલીલના વિરુધ્ધમા ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાઓ સંબધેપુરાવા રજુ કરી પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ ન હોય, આરોપીને છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો, રજુ થયેલરેકર્ડ ધ્યાને લેતાં, નીચેમુજબના મુદાઅના નિર્ણય કરવાના રહે છે.

## -: મુદાઓ -::

(૧) શું ફરીયાદ પક્ષ નિસ્શંકપણે સાબિત કરે છે કે, ગઇ તા. ૦૨/૦૬/૨૩ ના રોજ કલાક ૭:૦૦ વાગ્યે નાના પાંચ દેવડા ગામ, તા. કાલાવડ, જિ. જામનગરમાં આરોપી પીજીવીસીએલ કંપનીના ગ્રાહક ન હોય કંપનીની હળવા દબાણની વીજલાઇન બીન અધિકૃત રીતે વીજ વાયર જોડી ઘરમા લઇ, વીજ વપરાશ કરી, રૂા. ૩,૦૪,૬૩૯.૨૮ પૈસાની વીજચોરી કરી ચેકીંગ દરમ્યાન પકડાઇ જતા, ઇલેકટ્રીક સીટી એકટ, ૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબન ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે:

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ

**મુદા નં. ૧ અને ૨ ની ચર્ચા:-**

(૯) આ કામે ફરીયાદ પક્ષે નાયબ ઈજનેર દીપલભાઈ રમણીકભાઈ પરમાર નાઓને આંક-૧૯ થી તપાસેલા છે. તેઓ પોતાની ઉલટતપાસમા તે વાતનો ઈન્કાર કરે છે કે, ચેકીંગમા જતા પહેલા કોઈ ઉપરી અધિકારીની મંજુરી લીધેલ નથી. આ સંદર્ભમા, ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ-૧૩૫ (૨) ધ્યાને લેવામાં આવે તે માત્ર અધિકૃત અધિકારી ચેકીંગની કાર્યવાહી કરી શકે છે તેવુ જણાય આવે છે. આ કામે સદરહુ સાહેદનાઓને ચેકીંગ અને ઈન્સપેકશન કરવા કોઈ અધિકાર મળેલ હોય તેવુ ફરીયાદ પક્ષે કોઈ પુરાવો રજુ રાખેલ નથી. જેથી આ કામે સદરહુ સાહેદ દવારા કરવામા આવેલ ચેકીંગ અને ઈન્સપેકશન બિન અધિકૃત બને છે. વધુમા સદરહુ સાહેદ સ્વીકાર કરે છે કે, મારા સ્ટાફના માણસો સ્વિાય કોઈ સ્વતંત્ર સાહેદની હાજરીમાં સ્થળ રોજકામ કરેલ નહી તેવુ જણાય આવે છે. આમ, આ કામે સદરહુ સાહેદે ચેકીંગ અને ઈન્સપેકશનની કાર્યવાહી કોઈ સ્વતંત્ર સાહેદની હાજરીમા કરેલ નથી. જેથી ઈલેકટ્રક સીટી એકટની કલમ-૧૩૫ (૪) તથા ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૧૦૦ અને ૧૦૨ મુજબના જોગવાઈનુ પાલન થયેલ હય તેવુ જણાય આવતુ નથી. વધુમા સદર સાહેદે સ્વીકાર કરેલ છે કે, અમોએ કબજે કરેલ મુદામાલ પોલીસને સોપેલ નથી, અને આ કામે તપાસ કરનાર અમલદાર મધુબાળા કેશવગર અપારનાથી ના એ પોતાની તપાસ દરમ્યાન મુદામાલ કબજે કરેલ હોય, તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, આ કામે બનાવમા કહેવાતો મુદામાલ વાયરનો વપરાશ થયેલ છે કે કેમ તે બાબતે પણ ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉદભવે

છે.

(૧૦) અગાઉ ઉલ્લેખ થયેલ છે આ કામે આંક–૧૯ થી દીપલભાઇ રમણીકભાઇ પરમાર નાઓએ સ્વીકારેલ છે કે, મારા સ્ટાફના માણસો સિવાય કોઇ સ્વતંત્ર સાહેદોની હાજરીમા સ્થળ રોજકામ કરેલ નહી. State of Gujarat Versus Jayantibhai Jivanbhai Gohil 2023 (0) AIJEL-HC 244923 ના ચુકાદામા નામદાર ગુજરાત હાઇકોર્ટ દાવરા ઠરાવવામા આવેલ છે કે, જયારે વીજ કંપની દવારા આરોપી સામે વીજ ચોરીનો આક્ષેપ કરવામા આવે અને ચેકીંગ હાથ ધરવામા આવે, ત્યારે મીટર અને વાયરની સ્થિતિ શુ છે અને આરોપી દવારા કેવી રીતે વીજની ચોરી કરવામા આવેલી તે અંગેની સ્પષ્ટતા થવા પંચનામુ થવુ જરુરી છે પરંતુ આ કામે જે પંચનામુ થયેલુ છે તે બનાવવાળી જગ્યાનુ પંચનામુ થયેલ છે અને મીટર અને વાયરનુ કોઇ પંચનામુ થયેલ નથી. આ રીતે પણ ફરીયાદ પક્ષના કેસમા શંકા ઉદભવે છે.

(૧૧) વધુમા, સદર સાહેદ સ્વીકાર કરે છે કે, અમોએ ચેકીંગવાળા સ્થળેથી આરોપીની જગ્યાની કોઇ માલિકી બાબતેના રેવન્યુ રેકર્ડ કબજે કરેલ નથી. આ કામે ફરીયાદી દિલીપભાઇ હરસુખભાઇ ભેડા નાઓએ પણ સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની માલીકી સંબધે કોઇ પુરાવા આ કામે રજુ કરેલ નથી. તે રીતે તપાસ કરનાર અમલદાર મધુબાળા કેશવગર અપારનાથી નાઓએ પણ મારી તપાસ દરમ્યાન આરોપીના રેવન્યુ રેકર્ડ કબજે કરેલા નથી તેમ સ્વીકાર કરે છે. આ કામે સાહેદ દીપલભાઇ રમણીકભાઇ તથા નિર્મળસિંહ વનરાજસિંહ જાડેજા તથા અશોકદાન ઇશ્વરદાન ગઢવી પોતાની જુબાનીમાં બનાવવાળી જગ્યા કાલાવડ વેસ્ટ સબ ડીવીઝન હેઠળ નાના પાંચ દેવડા ગામમાં આરોપીનુ મકાન આવેલ હોવાનુ જણાવેલ છે. આ સંર્દભમા તપાસ કરનાર અમલદાર મધુબાળા કેશવગર અપારનાથી નાઓએ આંક- ૩૧ થી ૩૪ સુધી આરોપીના આધાર કાર્ડ, ચુંટણીકાર્ડ, રેશનકાર્ડ તથા મિલકતવેરાની

પહોંચ રજુ રાખેલ છે. જે જોતા આધાર કાર્ડમા આરોપીનુ સરનામુ રઝીન મંઝિલ, મોટી ડેલી એરીયા, નાના પાંચ દેવડા, કાલાવડ, જામનગર લખેલુ છે અને ચુંટણીકાર્ડમાં આરોપીનુ સરનામુ ૧-૧, મોટા ગેઇટ, નાના પાંચદેવડા, તા. કાલાવડ જી. જામનગર એવુ લખેલુ છે. જે મુજબનુ વિગતવારનુ સરનામુ ફરીયાદ પક્ષના સાહેદોએ પોતાની જુબાનીમાં જણાવેલ નથી. વધુમાં આરોપીના મિલકત વેરાની પહોંચમા કોઇ સરનામુ લખેલુ નથી. આમ, ફરીયાદ પક્ષને આ દસ્તાવેજ થી કોઇ મદદ મળી શકે તેમ નથી. વધુમાં બનાવવાળી જગ્યાનુ પંચનામા બનાવવાળી જગ્યા પાંચ દેવડા ગામે સાજીદભાઇ હારૂનભાઇ મલેકના રહેણાંક મકાન આવેલ હોવાનુ જણાવેલ છે અને આરોપીના રેશનકાર્ડ પણ આરોપીનુ સરનામુ ગામ નાના પાંચ દેવડા લખેલ છે. પરંતુ આ પંચનામુ ફરીયાદ પક્ષના ચેકીંગ અને ઇન્સપેકશન ના સાહેદોની હાજરીમાં થયેલ હોય તેમ જણાતુ નથી પરંતુ આરોપીની હાજરીમાં થયેલ હોવાનુ જણાય આવે છે. આમ, ફરીયાદ પક્ષને આ બંને દસ્તાવેજી પુરાવાથી પણ કોઇ મદદ મળી શકે તેમ નથી. વધુમાં, ફરીયાદ પક્ષે સ્વતંત્ર સાહેદ તરીકે સદામ ભીખુભાઇ મલેકને તપાસેલા છે પરંતુ તેઓએ પણ ફરીયાદ પક્ષે સમર્થનમા કોઇ પુરાવો આપેલ નથી. વધુમા આ કામે બંને પંચ સાહેદો સંદીપભાઇ ધીરુભાઇ તથા બાબુભાઇ હંસરાજભાઇ સોનારા નાઓએ બનાવવાળી જગ્યાનુ પંચનામુ તેમની હાજરીમાં થયેલ છે તેવો કોઇ પુરાવો આપેલ નથી. તેમજ કહેવાતા બનાવ તા. ૦૨-૦૬-૨૦૨૩ ના રોજ બનેલ છે જયારે પંચનામુ તા. ૧૩-૦૮-૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે. વધુમાં, બનાવવાળી જગ્યા આરોપીના સતત કબજા ભોગવટામા હતી તેવો કોઇ પુરાવો ફરીયાદ પક્ષે રજુ રાખેલ નથી. આ તમામ પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષ તે પુરવાર કરવામાં સફળ થયેલ નથી કે બનાવવાળી જગ્યા આરોપીના માલીકી અને કબજા ભોગવટામાં હતી. જેથી ફરીયાદ પક્ષે રજુ રાખેલ ફોટોગ્રાફી અંગેનો પ્રમાણપત્રથી પણ કોઇ મદદ મળી શકે તેમ નથી.

(૧૨) આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા ફરીયાદ પક્ષે આરોપી સામે આક્ષેપ મુજબનો ગુનો પુરવાર કરવા સફળ થયેલ ન હોય મુદા નં ૧ નો જવાબ નકારમા આપી, મુદા નં ૨ ના જવાબમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::– હુ ક મ ::–**

૧) આ કામના આરોપી સાજીદ હારૂનભાઇ મલેક રે. નાના પાંચદેવડા ગામ, તા. કાલાવડ, જિ. જામનગર નાઓને ઇલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આરોપીએ ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૩૭-એ મુજબના રૂા. ૧૦,૦૦૦/- ના જામીન તથા જાત મુચરકા છ માસના રજુ કરવા.

આ હુકમ આજરોજ તા. ૨૭મી માહે એપ્રિલ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર (શામનાથ ચંદ્રમોહન વેમુલા)
તા.૨૭/૦૪/૨૦૨૬ ચોથા સ્પેશ્યલ જજ અને સેશન્સ જજ,
ટી.એ.દવે જામનગર, કોડ નં. જી.જે. ૦૦૮૧૮